Gujarat PSI Mains Paper 2022 With Answer Key PDF
Paper -1 Gujarati Language
www.examphase.com

*This Question Paper contains 16 printed pages.*

**પ્રશ્નપુસ્તિકાનો કોડ**
**Question Paper Booklet Code**
# 01

**પ્રશ્ન પુસ્તિકા ક્રમાંક :**

***Time : 120 Minutes]*** ***[Maximum Marks : 100***

<u>ઉમેદવારો માટેની અગત્યની સૂચનાઓ :</u>

1) દરેક પ્રશ્નોના સરખા ગુણ છે. કુલ પ્રશ્નોની સંખ્યા **100** છે.
2) ઉમેદવારે ઉપરોક્ત પ્રશ્ન પુસ્તિકા ક્રમાંક અને પ્રશ્ન પુસ્તિકા કોડ તેમજ પોતાનો બેઠક ક્રમાંક (Roll No.) ઉત્તરવહીમાં અવશ્ય દર્શાવવાના રહેશે. અને જો દર્શાવવામાં નહીં આવેલ હોય તો, તેવી ઉત્તરવહીનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેવી. દરેક જવાબો ઉત્તરવહીમાં જણાવ્યા પ્રમાણે દર્શાવવાના રહેશે તે માટે ઉત્તરવહીની પાછળના ભાગે દર્શાવેલ વિગતવારની સૂચનાઓ વાંચી લઈ અવશ્ય અમલવારી કરવાની રહેશે.
3) પરીક્ષાના સમયે ઉમેદવારે કોઈપણ જાતનું સાહિત્ય,મોબાઈલ, કેલ્ક્યુલેટર,વિજાણું યંત્રો કે જે ઉમેદવારને પરીક્ષામાં મદદરૂપ થઈ શકે તે સાથે રાખવા નહીં. આવી કોઈપણ વસ્તુઓ ઉમેદવારો પાસેથી મળશે કે કોઈપણ ઉમેદવાર નકલ કરતા, અથવા કોઈપણ જાતની ગેરરીતિ કે ગેરશિસ્ત આચરતા જણાશે તો તેવા ઉમેદવારને પરીક્ષા માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.
4) પરીક્ષાની કાર્યવાહી બાબતે કોઈ પ્રશ્ન હોય તો હાથ ઉંચો કરી, વર્ગખંડ નિરીક્ષક (Invigilator) નાઓને જણાવવાનું રહેશે. ઉમેદવારને પ્રશ્નપત્ર અને ઉત્તરવહી (OMR Sheet) મળે કે તુરત જ સૌ પ્રથમ તેની ચકાસણી અવશ્ય કરી લેવાની રહેશે જો પ્રશ્નપત્ર અથવા ઉત્તરવહી (OMR Sheet) માં કોઈપણ ક્ષતિ જણાય તો પરીક્ષા શરૂ થયેથી 15 (પંદર) મિનીટની અંદર વર્ગખંડ નિરીક્ષક (Invigilator) નાઓને તે બાબતે જાણ કરી, બીજી નકલ મેળવી લેવાની રહેશે.
5) ઉત્તરવહી (OMR Sheet) ભરવા માટે વાદળી અથવા કાળી બોલપોઈન્ટ પેનનો જ ઉપયોગ કરવાનો રહેશે.
6) દરેક સાચા ઉત્તર (જવાબ) નો 1 (એક) ગુણ છે. છેકછાકવાળા જવાબો, ખોટા જવાબો અથવા એકથી વધુ જવાબોના 0.25 Negative ગુણ તરીકે કપાત કરવામાં આવશે જેની ગંભીર નોંધ લેવી. ઉમેદવારે તમામ પ્રશ્નનો પ્રયાસ કરવાનો રહેશે, જો ઉમેદવાર કોઈપણ પ્રશ્નનો જવાબ A, B, C અને D વિકલ્પમાંથી આપવા માંગતા ન હોય તો તેઓએ OMR SHEET માં વિકલ્પ -E (Not attempted) આપેલ છે તે પસંદ કરવાનું રહેશે, જો કોઈપણ વિકલ્પ પસંદ કરેલ નહીં હોય તો 0.25 Negative ગુણ તરીકે કપાત કરવામાં આવશે. તમારે આ ઉત્તરવહિ (OMR SHEET) માં જ ઉત્તર આપવાના છે.
7) ઉત્તરવહીમાં દરેક પ્રશ્નોના ઉત્તરના વિકલ્પો દર્શાવવામાં આવેલ છે. જે વિકલ્પ પસંદ કરો, તેનું વર્તુળ ઉત્તરવહીમાં જણાવ્યા પ્રમાણે ભરવુ. ઉત્તરવહીમાં એકથી વધારે વર્તુળ ભરવામાં આવશે કે સફેદ શાહી (White Ink) નો ઉપયોગ કરવામાં આવશે તો તેવા જવાબને ખોટા ગણી 0.25 Negative ગુણ તરીકે કપાત કરવામાં આવશે. જેથી પુરતો વિચાર કરી જવાબ નક્કી કર્યા બાદ જ જવાબરૂપે વર્તુળ ભરવુ. જેની ઉમેદવારે ખાસ નોંધ લેવી.
8) પરીક્ષા દરમિયાન વર્ગખંડ નિરીક્ષક (Invigilator) આપની પાસે હાજરીપત્રક લઈને આવે ત્યારે તેમાં ઉમેદવારે પોતાની વિગતો ચકાસણી કરી પોતાની પ્રશ્ન પુસ્તિકા ક્રમાંક,પ્રશ્ન પુસ્તિકા કોડ તેમજ ઉત્તરવહી નંબર (OMR Sheet No.) ભર્યા બાદ જ હાજરીપત્રકમાં અવશ્ય સહી કરવાની રહેશે.
9) ઉમેદવારને આપવામાં આવેલ ઉત્તરવહી (OMR Sheet) માં કોઈપણ જગ્યાએ જણાવેલ વિગતો સિવાય નામ કે અન્ય ઓળખ માટેના કોઈપણ પ્રકારના ચિન્હ (નિશાન) દર્શાવવા નહીં. રફકામ માત્ર પ્રશ્ન પુસ્તિકામાં જ કરી શકાશે.
10) ઉત્તરવહી (OMR Sheet) ત્રણ પ્રતમાં આપવામાં આવેલ છે. પરીક્ષા પુરી થયા પછી OMR Sheet ના ત્રણેય પાના પૈકી પહેલુ તથા બીજુ પાનુ વર્ગખંડ નિરીક્ષક (Invigilator) જમા લેશે અને નીચેનું (ત્રીજુ) પાનું (CANDIDATE'S COPY લખેલ) છે તે વર્ગખંડ નિરીક્ષક (Invigilator) જુદુ પાડી ઉમેદવારને આપશે જે મેળવી લેવાની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે. જ્યાં સુધી વર્ગખંડ નિરીક્ષક (Invigilator) આપની પાસે આવીને OMR Sheet ના ઉપરના બંન્ને પાના પરત ના લે તેમજ ઉમેદવારનું પાનું ઉમેદવારને ન આપે અને પરીક્ષાખંડ છોડવાની પરવાનગી ના આપે ત્યાં સુધી ઉમેદવારે પોતાની જગ્યા પર શાંતિથી બેસવાનું રહેશે.
11) પરીક્ષાનો સમય 2 (બે) કલાકનો હોવાથી, પરીક્ષા પૂર્ણ ન થાય ત્યાં સુધી ઉમેદવાર કોઈપણ સંજોગોમાં વર્ગખંડ છોડી શકશે નહીં.



Downloaded from www.examphase.com

1) સાચી જોડણી શોધીને લખો.

(A) કુંપળ (B) કૂંપળ

(C) જીજ્ઞાસા (D) જીંદગી

2) ખોટી જોડણી શોધીને લખો.

(A) ભૂલચૂક (B) દીવાબત્તી

(C) બીજાંકુર (D) શુરવીર

3) આપેલા વિકલ્પોમાંથી ખોટા સમાસની જોડ શોધો.

(A) જીવદયા-તત્પુરુષ સમાસ (B) જાળાંઝાંખારાં-દ્વંદ્વ સમાસ

(C) હરવખત-કર્મધારય સમાસ (D) પંકજ-બહુવ્રીહિ સમાસ

4) રેખાંકિત સમાસનો પ્રકાર જણાવો.

ભારતનો <u>વિચારવૈભવ</u> અદ્વિતીય છે.

(A) દ્વંદ્વ સમાસ (B) તત્પુરુષ સમાસ

(C) કર્મધારય સમાસ (D) ઉપપદ સમાસ

5) સંધિ છોડો. 'અન્વેષણા'

(A) અનુ + ઐષણા (B) અનુ + એષણા

(C) અન + એષણા (D) અનુ + ઈષણા

6) સંધિ છોડો. 'હરેન્દ્ર'

(A) હર + ઇન્દ્ર (B) હરિ + ઇન્દ્ર

(C) હરી + ઇન્દ્ર (D) હર + એન્દ્ર

7) સંધિ છોડો. 'નાવિક'

(A) નૌ + ઈક (B) નો + ઈક

(C) ના + ઈક (D) નૈ + ઈક

8) સંધિ છોડો. 'ઉચ્ચાર'

(A) ઉત્ + ચાર (B) ઉચ્ચ + ચાર

(C) ઉચ્ચા + ચાર (D) ઉચ્ચ + ચર

9) સંધિ છોડો. 'મનોરથ'

(A) મનુ + રથ (B) મનો + રથ

(C) મન + રથ (D) મનઃ+ રથ



Downloaded from www.examphase.com

10) સંધિ છોડો. 'સૂક્તિ'

(A) સૂ + ઉક્તિ
(B) સૂ + ઊક્તિ
(C) સુ + ઉક્તિ
(D) સુ + ઊક્તિ

11) સમાસ ઓળખાવો : 'શ્રીયુત'

(A) ઉપપદ
(B) કર્મધારય
(C) બહુવ્રીહિ
(D) તત્પુરુષ

12) જુદા પડતા સામાસિક શબ્દનો પ્રકાર ઓળખાવો: 'ત્રિભુવન ખટમાસીમાં ખટરાગ ગાતો હોય તો ખટમીઠું ન ખાવું જોઈએ'.

(A) બહુવ્રીહિ
(B) ઉપપદ
(C) તત્પુરુષ
(D) દ્વંદ્વ

13) કર્મધારય સમાસનું ઉદાહરણ શોધો.

(A) ખડમોસાળ
(B) ગંધાક્ષત
(C) ન્યૂનાધિક
(D) નીવિબંધ

14) સમાસ માટે કયો વિકલ્પ અયોગ્ય છે?

(A) ગરદા-ઉપપદ
(B) ગર્ભચોર- તત્પુરુષ
(C) ચતુરંત- મધ્યમપદલોપી
(D) ગજેન્દ્ર-કર્મધારય

15) સમાસ ઓળખાવો: ચપડું

(A) કર્મધારય
(B) દ્વિગુ
(C) દ્વંદ્વ
(D) તત્પુરુષ

16) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો: 'આંખો મીંચીને ગાનાર'

(A) નિમગ્ન
(B) સુરદાસ
(C) નિમીલિત
(D) નિમીલક

17) એક શબ્દ માટે શબ્દસમૂહનો યોગ્ય વિકલ્પ પસંદ કરો: 'ઢાંકણિયો'

(A) ઢીંક મારતો હોય એવો મારકણો બળદ
(B) જેના પૂંછડાના ગુચ્છાની અંદર ધોળા વાળ હોય એવો બળદ
(C) એક જ વેળામાં ચાર બળદ જેટલું કામ કરતો બળદ
(D) કામ કરવાની મોસમમાં જ માંદો પડતો બળદ

18) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો: 'છોડને ફૂટતો નકામો ફણગો'

(A) વાકુંબો
(B) નીંદણ
(C) પીહર
(D) ખડખોદ



Downloaded from www.examphase.com

**19)** જોડકાં માટે યોગ્ય વિકલ્પ આપો.

| | અ | | બ |
|---|---|---|---|
| 1. | સુખ | ક. | લોકોનો અભિપ્રાય કે છાપ |
| 2. | હણિયું | ખ. | એક જાતની મોટી કેરી |
| 3. | મલગોબો | ગ. | ગાડી હાંકનારને બેસવાની પાટલી |
| 4. | સાખો | ઘ. | તનમનને ગમે એવો અનુભવ |
| | | ચ. | જેને મારી નાખ્યું છે તે |

(A) 1-ઘ, 2-ખ, 3-ચ, 4-ક
(B) 1-ઘ, 2-ચ, 3-ખ, 4-ગ
(C) 1-ઘ, 2-ગ, 3-ખ, 4-ક
(D) 1-ઘ, 2-ગ, 3-ક, 4-ખ

**20)** એક શબ્દ માટે શબ્દસમૂહ આપો: 'ગુણ્ણું'
(A) પાપડની કણકનો લૂઓ
(B) અનાજનો મોટો કોથળો
(C) સર્વ ગુણોથી સંપન્ન
(D) બીજાના ગુણગાન ગાનારું

**21)** શબ્દસમૂહ માટે એક શબ્દ આપો: 'પગને તળિયે થયેલો ફોલ્લો'
(A) કલ્લો
(B) પાયકંદો
(C) પંજેળો
(D) ચવો

**22)** રૂઢિપ્રયોગનો અર્થ આપો: 'તુંબડાં ચલાવવાં'
(A) કલ્પનાઓ કરવી
(B) સાચાંજૂઠાં કરી બે પક્ષોને લડાવી મારવા
(C) ખોટી માથાકૂટ કરવી
(D) અકરાંતિયાની જેમ ખાવું

**23)** સમાનાર્થી રૂઢિપ્રયોગ પસંદ કરો:'ડોબું ખોઈને ડફોળ બનવું'
(A) ડોબું ચારીને દૂધ ઢોળવું
(B) પંચમાસીનું છમાસી કરવું
(C) ઊંઘ વેચીને ઉજાગરો કરવો
(D) મણના પાંચશેર થવું

**24)** જુદા પડતા રૂઢિપ્રયોગનો વિકલ્પ પસંદ કરો.
(A) ત્રીજું નેત્ર ઊઘડવું
(B) લીલું પીળું થઈ જવું
(C) લીલાં પીળાં દેખાઈ જવાં
(D) લાલ થઈ જવું

**25)** સમાનાર્થી રૂઢિપ્રયોગ પસંદ કરો: 'નમતે ત્રાજવે બેસવું'
(A) પછેડી જોઈ સોડ તાણવી
(B) ઊગતા સૂર્યને પૂજવું
(C) માથે ચઢાવવું
(D) ત્રાજવું નીચે નમવું



Downloaded from www.examphase.com

26) રૂઢિપ્રયોગનો અયોગ્ય અર્થ પસંદ કરો: 'મણિયો ઢીલો કરવો'
(A) સખત મહેનત કરાવી;નસો ઢીલી કરી નાખવી
(B) કમજોર કરી નાખવું
(C) છેક જ હિંમત વિનાનું કરવું
(D) હદ ઉપરાંતનું તપ કરવું

27) અઘોષ વ્યંજનોનો વિકલ્પ પસંદ કરો.
(A) ખ, છ, ઠ, ફ
(B) ગ, ઘ, જ, ડ
(C) ઝ, ધ, ન, મ
(D) ભ, ય, ર, વ

28) અયોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) સ્ + ર્ = સ્ત્ર
(B) દ્ + ધ્ = દ્ધ
(C) દ્ + ર્ = દ્ર
(D) દ્ + ઋ = દ

29) જુદી પડતી કહેવત પસંદ કરો
(A) નહિ વાટના કે નહિ ઘાટના
(B) બાવો આવ્યે બળદ ન દૂઝે
(C) ધોબીનો કૂતરો, નહિ ઘરનો નહિ ઘાટનો
(D) બે ઘરનો પરોણો ભૂખે મરે

30) કહેવતનો અર્થ આપો: 'એક દીવે દીવો ને ઘણે દીવે દિવાળી'
(A) ઘણા હોય તો જ તહેવાર જેવું લાગે
(B) ખૂબ સંપત્તિ હોય ત્યારે તહેવાર ઉજવાય
(C) આખું ગામ ભણેલું હોય તો જ સમૃદ્ધિ
(D) દરેક વસ્તુ કે વ્યક્તિની આગવી ઓળખ હોય છે

31) વિરુદ્ધાર્થી કહેવત પસંદ કરો: 'કર્યું તે કામ બીજા બધા વાયદા'
(A) તરત દાન અને મહાપુણ્ય
(B) ધરમના કામમાં ઢીલ શી!
(C) તેલ જુઓ, તેલની ધાર જુઓ
(D) કાલ કરે સો આજ કર

32) યોગ્ય કહેવત પસંદ કરો: મર્યાદિત સાધનોથી સુંદર કામ કરવું
(A) રાત થોડી ને વેશ ઝાઝા
(B) શૂળીની સજા સોયે પતી
(C) બાર ભાયા ને તેર ચોકા
(D) સસ્તું ભાડું અને સિદ્ધપુરની જાત્રા

33) કહેવતનો અર્થ આપો: 'તવે કી તેરી તગારે કી મેરી'
(A) વગર મહેનતે લાભ લેવાની વૃત્તિ
(B) આપણું સારું, બીજાનું નઠારું
(C) ચૂલા પરનું તારું, થાળીનું મારું
(D) કદરૂપી તારી, રૂપાળી મારી

34) સમાનાર્થી શબ્દોનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) તનુરુહ, સ્તેન, પ્રણિધિ, ખંભાર
(B) ડસણ, કાકર, રદન દ્વિજ
(C) વાડી, વીરી, વારાંગ, વારુડી
(D) આગવો, પસ્તાગિયો, હલકારો, પરોણો



Downloaded from www.examphase.com

35) સમાનાર્થી શબ્દો માટે અયોગ્ય વિકલ્પ આપો.

(A) ઢુંઢ, મરતક, શબ
(B) નગીન, રત્ન, ઉપલ
(C) લિપ્સા, પ્રતારણા, ક્ષપા
(D) નીમ, નવસ, કરોઠી

36) સમાનાર્થી શબ્દ આપો: 'પરારુક'

(A) જાગરુક
(B) અનુનય
(C) પથ્થર
(D) ચિત્ર

37) સમાનાર્થી શબ્દોનાં જોડકાંનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | અ | | બ |
|---|---|---|---|
| 1. | ખેરી | ક. | ચુંબન |
| 2. | ચષક | ખ. | દારૂ |
| 3. | કિલામના | ગ. | ધૂળ |
| 4. | કોકો | ઘ. | દુ:ખ |

(A) 1-ગ, 2-ખ, 3-ઘ, 4-ક
(B) 1-ગ, 2-ઘ, 3-ક, 4-ખ
(C) 1-ગ, 2-ક, 3-ખ, 4-ઘ
(D) 1-ઘ, 2-ગ, 3-ખ, 4-ક

38) સાચી ધ્વનિશ્રેણી ઓળખાવો: 'દ્વિજિહ્વ'

(A) ધ્+વ્+ઈ+જ્+ઇ+હ્+વ્+અ
(B) દ્+વ્+ઇ+જ્+ઇ+હ્+વ્+અ
(C) ધ્+વ્+ઈ+જ્+ઇ+હ્+ન્+અ
(D) ધ્+વ્+ઈ+જ્+ઈ+હ્+વ્+અ

39) યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) રાશી = ઢગલો, રાશિ = ખરાબ
(B) પિતા = કાતળી, પીતા = જનક
(C) રતી = પ્રેમ, રતિ = ચણોઠી
(D) શરુ = એક ઝાડ, શરૂ = આરંભ

40) જોડણીભેદથી થતા અર્થભેદનો સાચો વિકલ્પ પસંદ કરો.

(A) વિજન = પંખો, વીજન = એકાંત
(B) પાણી = હસ્ત, પાણિ = નીર
(C) શીલા = સારા ચારિત્ર્યવાળી સ્ત્રી, શિલા = પથ્થર
(D) કુલ = કિનારો, કૂલ = ટોળું

41) તળપદા શબ્દનું શિષ્ટ રૂપ આપો: 'ઓબાળ'

(A) બળતણ
(B) એઠવાડ
(C) નિર્બળ
(D) ઓજાર



Downloaded from www.examphase.com

**42)** શબ્દનો અર્થ આપો: 'સુધ્ધાંત'

(A) સિદ્ધાંત
(B) સારા અંતવાળું
(C) સહિત
(D) એકદમ ચોખ્ખું

**43)** તળપદા શબ્દનું શિષ્ટ રૂપ આપો: 'બાંયડી'

(A) પત્ની
(B) બાવડું
(C) આંખ
(D) કિનારી

**44)** સાચી જોડણીનો વિકલ્પ પસંદ કરો.

(A) વિભીશીકા, સધર્મચારીણી, શિરોવેષ્ટન
(B) વિભીષિકા, સધર્મચારીણી, શીરોવેષ્ટન
(C) વિભીશિકા, સધર્મચારીણિ, શીરોવેસ્ટન
(D) વિભીષિકા, સધર્મચારિણી, શિરોવેષ્ટન

**45)** સાચી જોડણીનો વિકલ્પ પસંદ કરો.

(A) કુસુમાયુદ્ધ
(B) કુંસુમમાંયુદ્ધ
(C) કુસુમાયુધ
(D) કૂસુમાયુધ

**46)** ખોટી જોડણીનો વિકલ્પ પસંદ કરો.

(A) સુશ્રુષા, દુગર્મ, સર્ટીફીકેટ
(B) કારકિર્દી, રજિસ્ટર, નિમણૂક
(C) ભવિષ્યવેત્તા, ઉજમાળું, વિધાત્રી
(D) વિલીન, સાન્નિધ્ય, વિચલિત

**47)** વિરુદ્ધાર્થી શબ્દ માટે અયોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) પુરાતન × અદ્યતન
(B) અજીજ × વહાલું
(C) કઠોર × મૃદુ
(D) નૈસર્ગિક × કૃત્રિમ

**48)** વિરુદ્ધાર્થી શબ્દ પસંદ કરો: 'વિજેતા'

(A) હારીલ
(B) હારિયું
(C) અભિભૂત
(D) પરંતપ

**49)** વિરુદ્ધાર્થી શબ્દો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) આબેહયાત × ઝેર
(B) આશા × આસ્થા
(C) કોચું × સત્ત્વહીન
(D) ઘડી × પાઘડી

**50)** વિરુદ્ધાર્થી શબ્દનો વિકલ્પ પસંદ કરો: 'ખોભરણ'

(A) ઉતાવળ
(B) વિલંબ
(C) જાહેર
(D) આનંદ



Downloaded from www.examphase.com

51) વિરુદ્ધાર્થી શબ્દનો અયોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ઈમાનદાર × બેઈમાન
(B) છેલ્લું × ઉપાન્ત્ય
(C) ઠંડુ × શીતળ
(D) કૃપણ × ઉદાર

52) વિશેષણ શોધો: 'મારા જેવા સારુ કટકી લૂગડું પણ ફાડે નહિ!'

(A) જેવા
(B) સારુ
(C) કટકી
(D) લૂગડું

53) વિશેષણ શોધો: 'બારબાર વરસ વનવગડામાં આથડ્યાં!'

(A) વરસ
(B) વનવગડા
(C) આથડ્યાં
(D) બારબાર

54) વિશેષણ શોધો: 'હૃદયતલમાં સુપ્ત પૂર્વગ્રહો સળવળવા માંડ્યા.'

(A) હૃદય
(B) તલ
(C) પૂર્વાગ્રહ
(D) સુપ્ત

55) ક્રિયાવાચક વિશેષણ વપરાયું હોય એવું વાક્ય શોધો.

(A) ચારે દેવની ચારે નાર, ગગને દીઠી ભરથાર
(B) મને મારા ગાંડીવનું અભિમાન હતું.
(C) ધોધમાર વરસતે વરસાદે અમે પહેલગામ પહોંચ્યા.
(D) બાના જીવતરની છત પરથી શ્વેત પોપડા ખરતા.

56) વાક્ય કઈ બોલીમાં છે?'ચેટલાક ચોરો ઘરમાં પેહીને ચોરી કરવાના વેચારથી તે ઘર માંહે પેઠા.'

(A) ચરોતરી
(B) પટ્ટણી
(C) સુરતી
(D) સૌરાષ્ટ્રી

57) શુદ્ધવાક્ય શોધો.

(A) મોટાં ભાઈ આવ્યા અને મોટાં બહેન ગયા.
(B) મોટા ભાઈ આવ્યા અને મોટાં બહેન ગયાં.
(C) મોટાં ભાઈ આવ્યાં અને મોટાં બહેન ગયા.
(D) મોટા ભાઈ આવ્યા અને મોટા બહેન ગયા.

58) અશુદ્ધવાક્ય શોધો.

(A) એક ગૌતમ નામના ઋષિ હતા.
(B) સવિનય આપને હું આ હકીકત જણાવું છું.
(C) વિનય સાથે આપને હું આ હકીકત જણાવું છું.
(D) ગોપાલભાઈ સજ્જન છે.



Downloaded from www.examphase.com

**59)** શુદ્ધવાક્ય પસંદ કરો.

(A) શું મજા પડી?
(B) તેણે ગોળ વર્તુળ દોર્યું.
(C) યથાશક્તિ પ્રમાણે દાન કરવું જોઈએ.
(D) ગાયનું શુદ્ધ ઘી વાપરજો.

**60)** સંયુક્તવાક્ય પસંદ કરો.

(A) મહારાજ અરજ તો એટલી જ કે આ કોતર મને યોગ્ય કિંમતે આપો.
(B) આ લીંબુ છે કે બોર?
(C) કાળિયું આવી જાહે જ્યાં ગયું હશે ત્યાંથી.
(D) રજાઓમાં દીકરા અવારનવાર ઘેર આવતા.

**61)** વિધિવાક્ય ઓળખવો.

(A) આમ ચંત્યા કર્યે કાંઈ વળવાનું નથ.
(B) ઈ ભેદભાવ સ્વર્ગમાં નોં હોય બાપા.
(C) દેવદૂતોએ ફોસલાવીને છૂટો પાડ્યો.
(D) તમે તો બોલશો જ મા!

**62)** જોડણીભેદથી અર્થભેદ થતો હોય એવો વિકલ્પ પસંદ કરો.

(A) ખુરસી-ખુરશી
(B) ભૂમિ-ભૂમી
(C) ખનીજ-ખનિજ
(D) સુર-સૂર

**63)** વિભક્તિનો રેખાંકિત પ્રત્યય શો નિર્દેશ કરે છે?'કોઈને આમ <u>સોટીએ</u> <u>સોટીએ</u> મરાય?'

(A) રીત
(B) સાધન
(C) સ્થાન
(D) કર્તા

**64)** રેખાંકિત પદનો પ્રત્યય કઈ વિભક્તિ દર્શાવે છે? '<u>દુનિયામાં</u> રહેવું હોય તો ધૂળનો પણ ખપ પડે?'

(A) કરણ
(B) અપાદાન
(C) સંપ્રદાન
(D) અધિકરણ

**65)** સહયોગીવાચક નામયોગીનો વિકલ્પ પસંદ કરો.

(A) માટે, વાસ્તે, સારુ
(B) પ્રમાણે, માફક, પેઠે
(C) વિના, સિવાય, વગર
(D) પર, ઉપર, નીચે

**66)** રેખાંકિત નામયોગીનો પ્રકાર જણાવો: 'દયાનંદ દાદા <u>કેરી</u> પુણ્ય વિરલ રસ ભોમ'

(A) સંબંધવાચક
(B) હેતુવાચક
(C) રીતવાચક
(D) અધિકરણવાચક



Downloaded from www.examphase.com

**67)** વાક્યમાં પ્રયોજાયેલા ક્રિયાવિશેષણનો પ્રકાર જણાવો: 'સામેનું વાહન વળાંકમાંથી અચાનક નીકળ્યું.'

(A) સંભાવનાવાચક (B) સમયવાચક

(C) રીતિવાચક (D) ક્રમવાચક

**68)** સ્થળવાચક ક્રિયાવિશેષણનો વિકલ્પ પસંદ કરો.

(A) આગળ, પાછળ, પહેલા (B) નજીક, પાસે, દૂર

(C) અત્યારે, હમણાં, સદા (D) જરૂર, ખરેખર, અવશ્ય

**69)** ક્રિયાવિશેષણ વપરાયું હોય એવો વિકલ્પ પસંદ કરો.

(A) આજે બહુ મહેમાન આવશે.

(B) સાંજે તું ચોક્કસ આવજે.

(C) મારે ખૂબ કામ છે.

(D) તમે મને ચોક્કસ સરનામું આપી શકો?

**70)** ક્રિયાવિશેષણ શોધો: 'અલકમલકની વાતો કરતાં નીંદર વહેલી આવશે.'

(A) અલકમલક (B) કરતાં

(C) નીંદર (D) વહેલી

**71)** ક્રિયાવિશેષણનો પ્રકાર જણાવો: 'શીલવંત સાધુને વારેવારે નમીએ.'

(A) સમયવાચક (B) માત્રાસૂચક

(C) રીતિવાચક (D) અભિગમવાચી

**72)** સમૂહવાચક સંજ્ઞા માટે સાચો વિકલ્પ પસંદ કરો.

(A) સભા, ધણ, ટોળું (B) સમિતિ, ફૂલ, કાપડ

(C) સેના, મંડળી, ગીરનાર (D) સંઘ, સાગર, દયા

**73)** જુદી પડતી સંજ્ઞાનો પ્રકાર જણાવો: 'લેખક ઘી, ગોળ, તેલ અને કાપડ લઈ ઊભા થયા.'

(A) વ્યક્તિવાચક (B) દ્રવ્યવાચક

(C) જાતિવાચક (D) ભાવવાચક

**74)** કર્મણિ પ્રયોગમાં ફેરવો: 'રમેશે ચાની આદત છોડી.'

(A) રમેશથી ચાની આદત છૂટશે. (B) રમેશથી ચાની આદત છૂટી.

(C) રમેશ વડે ચાની આદત છોડાશે. (D) રમેશની ચાની આદત છૂટી.

**75)** ભાવે વાક્ય રચના ઓળખાવો.

(A) ટ્રાફિકના કારણે અમારાથી મોડું અવાયું. (B) પોલીસથી ચોર પકડાયો.

(C) બાથી માથું ઓળાય છે. (D) મુન્નાથી દવા પીવાશે.



Downloaded from www.examphase.com

**76)** પ્રેરક વાક્યરચના ઓળખાવો.

(A) એ સાંજે અમે બધાં ખૂબ હસ્યાં.

(B) મેં દફતરમાં મારી નોટો ભરી.

(C) માએ કુસુમાયુધને સુવડાવ્યો.

(D) વિદ્યાર્થીઓએ શાળાના મેદાનમાં વૃક્ષો વાવ્યાં.

**77)** પ્રેરક વાક્યરચનામાં ફેરવો: 'માએ છૂંદાનું તપેલું તડકામાં મૂક્યું.'

(A) માએ મારી પાસે છૂંદાનું તપેલું તડકામાં મુકાવશે.

(B) માએ મારી પાસે છૂંદાનું તપેલું તડકામાં મુકાવ્યું.

(C) મા મારી પાસે છૂંદાનું તપેલું તડકામાં મુકાવે છે.

(D) મા પિતાજી પાસે છૂંદાનું તપેલું તડકામાં મુકાવે છે.

**78)** વિધ્યર્થ વાક્ય પસંદ કરો.

(A) ભાઈ, કર્યાં ભોગવવાં છે!

(B) આટલું મારું માનશો તો સો વરસ જીવશો.

(C) વાહ, કેવો રૂપકડો કાન છે મારા દીકરાનો!

(D) ઘણી ખરી ઈન્દ્રિયો પર આપણો કાબુ નથી.

**79)** ક્રિયાતિપત્યર્થ વાક્યનો વિકલ્પ પસંદ કરો.

(A) જેવું વાવશો એવું લણશો.

(B) આજે જરા બે-ત્રણ કલાક વધારે બેસજો.

(C) બીજાને દીનદુ:ખિયાંને મહેનત કરતાં શીખવ.

(D) ભગવાન ભજ્યા હોત તો ખોટું કાર્ય ન કરત.

**80)** આજ્ઞાવાચક વાક્ય પસંદ કરો.

(A) પણ અહિ કાંઈ તમારી મરિયમનું નામ નોંધી રાખ્યું છે?

(B) મારી મરિયમનો કાગળ આવશે.

(C) તમારે મારી મરિયમનો કાગળ આવે તો પહોંચાડવો.

(D) જા, જા, તારો કાગળ આવશે તો કોઈ ખાઈ નહિ જાય!

**81)** કૃદંત વપરાયું હોય એવું વાક્ય પસંદ કરો.

(A) ભદ્રિક ત્યારે અણગારી બન્યો.

(B) તેના પુત્ર શ્વેતકેતુને તે ગમ્યું.

(C) એક અગત્યની વાત સાંભળો.

(D) ત્યારે વિસામો લેવા એક ઝાડને છાંયડે બેઠા.



Downloaded from www.examphase.com

82) વાક્યમાંથી કૃદંત ઓળખાવો: 'સંબોધી સ્નેહના શબ્દો વદે ધીમે વિવેકથી'

(A) ધીમે
(B) સંબોધી
(C) વદે
(D) વિવેક

83) વાક્યમાં પ્રયોજાયેલ કૃદંતનો પ્રકાર જણાવો: 'આજે ત્રાહીત્રાહી પોકારનારા કેટલાય પાપીઓ ચાલ્યા ગયા છે.

(A) ભવિષ્યકૃદંત
(B) વર્તમાનકૃદંત
(C) સંબંધક ભૂતકૃદંત
(D) હેત્વર્થકૃદંત

84) વાક્યમાંથી નિપાત ઓળખાવો: 'જો કોઈ માણસનો અવાજ સુધ્ધાં કાને આવે તો મને કહેજો.'

(A) જો
(B) તો
(C) સુધ્ધાં
(D) કોઈ

85) નિપાત વપરાયું હોય એવો વિકલ્પ પસંદ કરો.

(A) તમારા ઉત્તરો હંમેશા ખરા હોય છે.
(B) તમારો ઉત્તર સાચો પડ્યો ખરો!
(C) રસ ને રોટલીનું જમણ કોને ભાવે છે?
(D) એ વાડીએ આવે તો હું મળવા જઈશ.

86) છંદ માટે યોગ્ય જોડકાંનો વિકલ્પ આપો.

| | અ | | બ |
|---|---|---|---|
| 1. | સ્ત્રગ્ધરા | ક. | લડો પાપી સામે વિમળ દિલના ગુપ્ત બળથી |
| 2. | શાર્દૂલવિક્રીડિત | ખ. | ખૂંચી તીણી સજલ દગમાં કાચ કેરી કણિકા |
| 3. | મંદાક્રાન્તા | ગ. | દેવોને માનવોના મધુમિલન તણા સ્થાન સંકેત જેવો |
| 4. | શિખરિણી | ઘ. | ચિંતા અંતરની દઈ દયિતને સંગી થવા ઈચ્છવું |

(A) 1-ગ, 2-ઘ, 3-ખ, 4-ક
(B) 1-ગ, 2-ક, 3-ઘ, 4-ખ
(C) 1-ગ, 2-ખ, 3-ઘ, 4-ક
(D) 1-ગ, 2-ઘ, 3-ક, 4-ખ

87) બંધારણ પરથી છંદ ઓળખાવો.

ચરણ: 4

માત્રા: 31 કે 32

યતિ: 16, 21મી માત્રાએ

(A) દોહરો
(B) ચોપાઈ
(C) સોરઠો
(D) સવૈયા



Downloaded from www.examphase.com

88) છંદ ઓળખાવો.

ચૌટામાં લુંટાણી મહારાણી ગુજરાતી વાણી,
જાણી તેનું દુઃખ ઘણો દીલગીર દિલ છું.

(A) અનુષ્ટુપ
(B) ઈન્દ્રવજ્રા
(C) મનહર
(D) સ્રગ્ધરા

89) માલિની છંદનું ઉદાહરણ ઓળખાવો.

(A) સરળ હૃદય ઈચ્છે પાપીને પ્રેમ પાવા.
(B) ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર.
(C) દીપકના બે દીકરા, કાજલને અજવાશ,
(D) તુજ વિના ઘેનમાં કોણ જાશે?

90) નીચેનામાંથી અયોગ્ય વિકલ્પ શોધો.

(A) મંદાક્રાન્તા: 17 અક્ષર, મભનતત ગાગા, યતિ- 4,10
(B) શિખરિણી: 17 અક્ષર, યમનસભ લગા, યતિ- 6,12
(C) વસંતતિલકા: 14 અક્ષર, તભજજ લગા, યતિ- 10
(D) હરિણી: 17 અક્ષર, નસમરસ લગા, યતિ- 6,10

91) અલંકાર ઓળખાવો, 'હું તો દારિદ્રયસાગરમાં ડચકાં ખાઉં છું.'

(A) સજીવારોપણ
(B) રૂપક
(C) અનન્વય
(D) શ્લેષ

92) અલંકાર ઓળખાવો: 'મારા રામ તમે સીતાજીની તોલે ના આવો'

(A) રૂપક
(B) ઉત્પ્રેક્ષા
(C) અનન્વય
(D) વ્યતિરેક

93) જુદો પડતો અલંકાર ઓળખાવો.

(A) અમે રે સૂકું રૂનું પૂમડું
(B) તું ઢાળ ઢોલિયો, હું ગઝલનો દીવો કરું
(C) ભીષણ કોઈ રાત સમ અહીં, ઘોર તિમિર છવાયું
(D) મૃત્યુની છાયામાં વસનારા લોકો પર ઊગ્યો રે ઊગ્યો પ્રકાશ

94) અલંકાર ઓળખાવો: 'આતમને આંગણે આવીને, નાથ તમે પમરાવો પોયણાની પાંખો જરી,

(A) પ્રાસસાંકળી, રૂપક
(B) વર્ણાનુપ્રાસ, રૂપક
(C) વર્ણાનુપ્રાસ, સજીવારોપણ
(D) યમક, રૂપક



www.examphase.com

Downloaded from www.examphase.com

**95)** કયું ઉદાહરણ ઉત્પ્રેક્ષા અને અંત્યાનુપ્રાસ અલંકારનો નિર્દેશ કરે છે?

(A) રેશમની કાયા તારી જાણે લજામણી,
લટકંતી લટ તો જાણે ભૂલ રે ભૂલામણી

(B) માવડીની કોટમાં તારાનાં મોતી,
જનનીની આંખ્યુંમાં પૂનમની જ્યોતિ

(C) જાણું છું ચિત્તડાને લાગ્યો તારો ચટકો,
જાણું છું રૂપ તારું સાકરનો કટકો

(D) ચોથું ફૂલ જાણે મારા હૈયાના હારનું,
જાણે રૂડું રાતરાણીનું ફૂલ

નીચેનો પરિચ્છેદ ધ્યાનપૂર્વક વાંચી પ્રશ્ન ક્રમ 96 થી 100 ના સચોટ ઉત્તર આપો.

મહાત્માજીનું બધું ગદ્ય, વ્યાખ્યાનો, લેખો વગેરે સર્વજનતાને ઉદ્દેશીને લખેલું હોય છે. એવા કેટલાક વિદ્વાનો હોય છે, જેઓ પોતાનું સાહિત્ય માત્ર વિદ્વાનો માટે જ છે એમ માને છે અને એમાં એમને કશું ખોટું લાગતું નથી. ગાંધીજી સર્વના માટે લખે છે, અને સર્વના ઉદય માટે લખે અને માટે સર્વ સમજે એવું લખે છે. ધર્મનીતિ એ સર્વને સમજવાનો અને સમજાવવાનો વિષય છે. એમણે કહ્યું છે કે મને જેમાંથી લાભ થયો હોય તે વસ્તુ સર્વ સમજે અને ફાવે તેનો લાભ લે એમ હું ઈચ્છું છું. તેમનામાં આખી જનતા માટે પ્રેમ છે અને માટે તેઓ આખી જનતા માટે લખે છે. સર્વ સમજે એવું એમનું લખાણ ના થાય ત્યાં સુધી તેઓ તેને અપૂર્ણ માને. આના લીધે તેમની ભાષા, વાક્યરચના , દાખલાદલીલ સર્વ સાદાં અને સર્વ સમજે એવાં હોય છે. તેમનાં વાક્યો ટૂંકા હોય છે. ટૂંકા વાક્યોના તેઓ કલાકાર છે, પણ સાદી ભાષાનો અર્થ ગૌરવ વિનાની નહિ. તેમની ભાષા ગૌરવને બરાબર વ્યક્ત કરે છે. તેને માટે સંસ્કૃત શબ્દોની જરૂર હોય તો તેઓ સંસ્કૃત શબ્દો પણ વાપરે છે. તેમની ભાષા સાદી છતાં નિર્બળ નહિ. તેમના સંકલ્પનું આખું બળ, બધું ગૌરવ તેમના ગદ્યમાં બધું નિર્વિઘ્ને વહી આવે છે અને સાદી ભાષા એટલે અચોક્કસ પણ નહિ. તેઓ શબ્દો જોખી જોખીને મૂકે છે. શબ્દ પસંદગી માટે શબ્દની ચર્ચા કરતા મેં તેમને જોયા છે. અને જેમને સત્યનો આગ્રહ હોય તેમને ભાષા અચોક્કસ રાખવી પાલવે પણ નહિ. તેઓ ચોક્કસ ભાષામાં મુદ્દાસર લખે છે. એક શબ્દ પણ વધારે પડતો ન આવી જાય તેની કાળજી પણ તેઓ રાખે છે. સત્યની ખાતર મિતભાષી, એ રઘુવંશનું વર્ણન તેમને લાગુ પડે છે. અલબત્ત એમણે એકની એક વાત અનેક વાર કહેવી પડે છે, પણ ક્યાંક પણ મુદ્દાની બહાર જતા નથી, અત્યુક્તિ કરતા નથી, સીધા મુદ્દા પર આવી જાય છે.

**96)** ગાંધીજીનું ગદ્ય કેવું છે?

(A) સર્વ જનતાને ઉદ્દેશીને લખેલું

(B) બધાના વિકાસ માટે

(C) સર્વજન સુલભ, સર્વના ઉદય અર્થે , સહુ સમજે તેવું

(D) સહુ સમજે તેવું



Downloaded from www.examphase.com

**97)** ગાંધીજી શા માટે આખી જનતા માટે લખે છે?

(A) તેમનામાં આખી જનતા માટે પ્રેમ છે તેથી

(B) આખી જનતાને ફાયદો થાય એટલે

(C) આખી જનતા વિદ્વાન નથી એટલે

(D) ધર્મનીતિ સમજાવવા

**98)** ગાંધીજી કેવા ગદ્યને અપૂર્ણ માનતા હતા?

(A) ગૌરવ વિનાની ભાષાના લખાણને

(B) જે ગદ્ય સર્વજન ન સમજે તેને

(C) વાક્યો ટૂંકા ન હોય તેને

(D) માત્ર વિદ્વાનો જ સમજે તેને

**99)** ગાંધીજીના સંકલ્પનું બળ શામાં પ્રગટે છે?

(A) વાક્યરચનામાં

(B) શબ્દોની પસંદગીમાં

(C) સંસ્કૃત શબ્દોમાં

(D) તેમની સાદી ભાષામાં

**100)** પરિચ્છેદને અર્થસૂચક શીર્ષક આપો.

(A) સાર્વજન સુલભ શૈલી

(B) 'ગાંધીજીનું ગદ્ય' કે 'મહાત્માજીના ગદ્યની લાક્ષણિકતા'

(C) મિતભાષિત્વ

(D) ધર્મનીતિ

◆◆◆◆



www.examphase.com

Downloaded from www.examphase.com

રફ કામ

www.examphase.com



Downloaded from www.examphase.com